**સને ૨૦૨૨-૨૩ના વર્ષના અંદાજપત્રમાંથી માહે એપ્રિલ -૨૦૨૨ થી જૂન-૨૦૨૨ માટેની મહેસૂલી ગ્રાન્ટ ફાળવવા બાબત**

માંગણી ક્રમાંક:૯૫(અનુસૂચિત જાતિ પેટા યોજના)

---

29 APR 2022
Inward No.
Registry Branch
G. W. S. S. BOARD
CAO
MS
Chairman
Marking

ગુજરાત સરકાર

**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર.

બિયુડી/૧૦૨૦૨૨/૩૩૫/ખ-૩

તારીખ ૨૭/૦૪/૨૦૨૨

27 APR 2022

**વંચાણે લીધો-** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૪/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: **1/BUD/102022/SCSP other dept State April-June/B**

યાદી : -

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ઠરાવથી સને ૨૦૨૨-૨૩ના વર્ષના અંદાજપત્રની જોગવાઈમાંથી માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર–૨૨૧૫ હેઠળ માહે એપ્રિલ - ૨૦૨૨ થી જૂન-૨૦૨૨ માસ માટે પાણી પુરવઠા પ્રભાગને કુલ રૂા.૫,૦૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ કરોડ પુરા)ની મહેસુલી ગ્રાન્ટ ફાળવેલ છે.

જે પૈકી રૂ.૩,૭૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ કરોડ પંચોત્તેર લાખ પૂરા)ની ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને, રૂા.૧,૨૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક કરોડ પચીસ લાખ પૂરા)ની ગ્રાન્ટ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન(વાસ્મો), ગાંધીનગરને ખર્ચ કરવા ફાળવણી કરવા ઊપાડ અને વહેંચણી અધિકારીશ્રી(પા.પુ),નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરને હસ્તક મુકવામાં આવે છે.

— ૨ —

Computer Cell
Inward No.: 565
Date 29/4/22
Mark to:

| અનું. | વિગતવાર સદર | | એપ્રિલ -૨૦૨૨ થી જૂન-૨૦૨૨ | રકમ શબ્દોમાં અંકે રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| માંગણી ક્રમાંક ૯૫ | | | | |
| (અ) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ | | | | |
| ૧. | મુખ્ય સદર - | ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા | ૩,૭૫,૦૦,૦૦૦ | ત્રણ કરોડ પંચોત્તેર લાખ પુરા |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ | | |
| | પેટા સદર - | ૦૧- WSS-7 ગ્રામીણ પાણી પુરવઠા યોજના (MNP) | | |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૩૧૩૩ સ્થાનિક સંસ્થાઓને જનરલ સહાયક અનુદાન | | |
| | હેડ ચાર્જેબલ - | ૨૨૧૫ ૦૧ ૧૦૨ ૦૧ | | |
| (બ) વોટર એન્ડ સેનિટેશન ઓર્ગેનાઈઝેશન, ગાંધીનગર | | | | |
| ૨. | મુખ્ય સદર - | ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા | ૧,૨૫,૦૦,૦૦૦ | એક કરોડ પચીસ લાખ પૂરા |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ | | |
| | પેટા સદર - | ૦૨- અનુસૂચિત જાતિના વિસ્તારોમાં લોકફાળા તરીકેની સહાય | | |
| | વિગતવાર સદર | ૦૦ | | |
| | હેતુ સદર - | ૩૧૩૩ સ્થાનિક સંસ્થાઓને જનરલ સહાયક અનુદાન | | |
| | હેડ ચાર્જેબલ - | ૨૨૧૫ ૦૧ ૧૦૨ ૦૨ | | |
| | સરવાળો (અ)+ (બ) | | ૫,૦૦,૦૦,૦૦૦ | |

શરતો :-

1. સને ૨૦૨૨-૨૩નાં વર્ષનાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
3. સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
4. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી (પા.પુ.)ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
5. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની <u>માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં</u> સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.જો માહિતી સમય સર મોકલવામાં ન આવે તો તેનીં જવાબદારી બોર્ડના નાણા નિયંત્રક અધિકારીની રહેશે
6. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
7. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૪/૨૦૨૨ ઠરાવોમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

( આર.વી.પરમાર )
સેક્શન અધિકારી(પા.પુ)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

(૧) અધિક સચિવશ્રી (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.